અપીલ અરજી નં.૪૩૨ તા.૨૫–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અરૂણ એસ. પાઠક
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ એસ પાઠકની તા. ૨૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ખટોદરામાં આવેલ ૩૫–૩૬,સોમાકાનજીની વાડી,JEETA-NX એમ્બ્રોડરી નામની મિલકતની ટાઉન પ્લાનીંગ વિભાગથી પ્લાન પાસની નકલ આપવા હાલ તે મિલકતમાં હાલ કેટલુ બાંધકામ થયેલ છે તેની પરમીશનની રજાચિઠ્ઠીની નકલ આપવા તથા તે કાયદેસર છે કે નહી તેની સંપૂર્ણ વિગતવાર માહિતી આપવા વિ. મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૩૨/૨૦૧૧–૧૨

શ્રી અરૂણ એસ. પાઠકની તા. ૨૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ખટોદરામાં આવેલ ૩૫–૩૬,સોમાકાનજીની વાડી, JEETA-NX એમ્બ્રોડરી નામની મિલકતની ટાઉન પ્લાનીંગ વિભાગથી પ્લાન પાસની નકલ આપવા હાલ તે મિલકતમાં હાલ કેટલુ બાંધકામ થયેલ છે તેની પરમીશનની રજાચિઠ્ઠીની નકલ આપવા તથા તે કાયદેસર છે કે નહી તેની સંપૂર્ણ વિગતવાર માહિતી આપવા વિ. મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ના પત્ર નં. સા.ઝોન./ટેક/૨૫૧ તા. ૨૧–૭–૧૧થી મળેલ માહિતી ખોટી તથા અધુરી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે બાંધકામ રજીસ્ટર, ગેરકાયદે બાંધકામ કાર્યવાહી દફતર/ વિગત આધારીત હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૦૭ તા.૫–૧૨–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) તથા અરજદારને મુદ્દા નં.૧ થી ૩ ની અપીલમાંની ખોટી અને અધુરી માહિતીના દાવા અંગે આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૬૬૪ તા.૧૩–૧–૧૨ થી નોંધ વિભાગ,અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.સા.ઝોન/ટેક/૨૧૩ તા.૮–૭–૧૧થી મુદ્દા નં.૪ માટે કાર્યપાલક ઈજનેરશ્રી લિંબાયત ઝોનને સમય અવધિબાદ તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.સા.ઝોન/ ટેક/૨૫૧ તા.૨૧–૭–૧૧ થી સમય અવધિ બાદ આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૪–૧૨–૧૧ નો પત્ર, નમુના –ક ની અરજી, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ ટેક/૨૫૧તા.૨૧–૭–૧૧ થી આપેલ માહિતી નકલ,જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન./ટેક/૫૧૩ થી નકલ ફી રૂા.૬/– ભરી નકલ આપેલ તેના પત્રની નકલ, પત્ર નં.આ. ૧૮ તા.૧–૪–૧૦ થી ડબલ્યુ ટી.ટી.આઈ. એલ અમદાવાદને લખેલ પત્રની નકલ, મલ્ટી પ્રોજેકટ કન્સલ્ટીંગ એન્જીનીયરનો તા.૩૦–૧૨–૦૯ નો રીપોર્ટની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૦–૬–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતિ માંગતી અરજી મધ્યસ્થ કચેરી ખાતે કરવામાં આવેલ. જે અરજી ઉધનાઝોનને પહોંચાડવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ના નં.સા.ઝોન/ ટેક/૨૫૧ તા.૨૧–૭–૧૧થી સમય અવધિ બાદ મળેલ માહિતી ખોટી તથા અધુરી હોવાનું જણાવી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૫–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે અંગે અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧) ખટોદરામાં આવેલ ૩૫–૩૬,સોમાકાનજીની વાડી,JEETA-NX એમ્બ્રોડરી નામની મિલકતની ટાઉન પ્લાનીંગ વિભાગથી પ્લાન પાસની નકલ આપવા હાલ તે મિલકતમાં હાલ કેટલુ બાંધકામ થયેલ છે તેની પરમીશનની રજાચિઠ્ઠીની નકલ આપવા તથા તે કાયદેસર છે કે નહી તેની સંપૂર્ણ વિગતવાર માહિતી આપવા. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ખટોદરા ૩૫,૩૬ સોમા કાનજીની વાડી JEETA-NX વાળી મિલ્કતના પ્લાન/રજાચિઠ્ઠી અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ જણાતા નથી. તેવું સમય અવધિ બાદ જણાવેલ. મુદ્દા નં.૨ ઉધના ખાતે એમ.જી. રોડ નં.૦ ઉપર આવેલ રવિ ટ્રાન્સપોર્ટની બાજુમાં આવેલ બીલ્ડીંગ કાયદેસર છે કે નહીં તેની વિગત આપવા અને બીલ્ડીંગના બાંધકામને કેટલા વર્ષ થયા છે તથા બીલ્ડીંગના બીજા માળે બે ટાવરો મુકવામાં આવેલ છે તેની સુરત મહાનગરપાલિકાની પરમીશનની નકલ તથા હાલ બિલ્ડીંગ સ્ટ્રકચરલની એન.ઓ.સી. મેળવેલ છે કે નહી. જો મેળવી હોય તો તેની નકલ તથા સોસાયટીના લોકોની એન.ઓ.સી. લીધેલ છે કે નહી. જો લીધેલ હોય તો તેની નકલ આપવા. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધના ખાતે એમ.જી. રોડ નં.૦ ઉપર આવેલ રવિ ટ્રાન્સપોર્ટની બાજુમાં આવેલ બીલ્ડીંગ કાયદેસર છે કે કેમ? તે રેકર્ડ અત્રે ઉપલબ્ધ જણાતો નથી. આ બિલ્ડીંગ પર "**WTTIL**" ટાવર મુકવાની મંજુરી આપવામાં આવેલ છે. તથા અન્ય

ટાવરની કાર્યવાહી મંજુરી હેઠળ છે. મંજુર થયેલ ટાવરની પરમીશન ની નકલ –૧ + સ્ટ્રકચરલ સ્ટેબીલીટી નકલ–૨ પેટે રૂા.૬/– ભર્યેથી આપવામાં આવશે, તે જાણશો. તેવું જણાવેલ. મુદ્દા નં.૩ સર્વે નં.૨૦૭/૧/ક પ્લોટ નં.૧૬૧–૧૬૨ શીવ પાર્વતી એપાર્ટમેન્ટ કો.ઓ.હા.સો.લી. અંબર કોલોની, ઉધના મેઈન રોડ, સુરત. આ એપાર્ટમેન્ટના ટેરેસ ઉપર આવેલ બાંધકામ કાયદેસરના પ્લાન મુજબ છે કે નહી તેની વિગતવાર માહિતી આપવા. આ એપાર્ટમેન્ટમાં કુલ કેટલા ફલેટો છે તથા તેને કેટલા માળની બાંધકામની પરમીશન આપવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલકત સર્વે નં.૨૦૭/૧/ક પ્લોટ નં.૧૬૧–૧૬૨ શીવ પાર્વતી એપાર્ટમેન્ટ કો.ઓ.હા.સો.લી. અંબર કોલોની, ઉધના એપાર્ટમેન્ટના ટેરેસ ઉપર આવેલ બાંધકામ કાયદેસર છે કે કેમ? તે રેકર્ડ અત્રે ઉપલબ્ધ જણાતો નથી. તેવું જણાવેલ. મુદ્દા નં.૪ ઉધના ભાઠેના રોડ, ખોડીયારનગર મેઈન રોડ પર આવેલ અજય ટ્રેડર્સ, નવકેતનપાર્ક સામે ભકિતપાર્ક એપાર્ટમેન્ટની બાજુમાં આવેલ મિલ્કતના બાંધકામની વિગતવાર માહિતી આપી તેના પ્લાન પાસની નકલ આપવા તથા તે કાયદેસર છે કે ગેરકાયદેસર તેની સવિસ્તાર માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લિંબાયતઝોન તરફથી માહિતી પુરી પાડેલ જણાતી નથી. જયારે અરજદાર તરફથી તા.૧૪–૧૨–૧૧ ના પત્રમાં જાહેર માહિતી અધિકારી તરફથી અપાયેલ માહિતી ખોટી અને અધુરી માહિતી આપેલ હોવાનું જણાવેલ. અરજદારે ખોટી અને અધુરી માહિતી અંગે કોઈ આધાર સહ કોઈ સ્પષ્ટતા કરેલ નથી. કે કોઈ પ્રકાશ પાડેલ નથી. જાહેર માહિતી અધિકારી ને અત્રેથી પાઠવેલ પત્રમાં બાંધકામ રજીસ્ટર, ગેરકાયદે બાંધકામ કાર્યવાહી દફતર વિગત આધારીત હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા જણાવેલ પરંતુ તેમણે પણ કોઈ વિગત જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૦–૬–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ બાંધકામ અંગેની માહિતી બાબતે બાંધકામ રજીસ્ટર તથા ગેરકાયદે બાંધકામ કાર્યવાહી દફતરનું અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ ઈન્સ્પેકશન આપવા તેમજ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અત્રેની જાણ હેઠળ પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)ને જણાવવામાં આવે છે."

જયારે મુદ્દા નં.૪ અંગે અરજદારે મુળ અપીલ તબકકે કે પુરક વિગતોની રજુઆત સમયે કોઈ રજુઆત કરેલ ન હોઈ કે કોઈ દાદ માંગેલ ન હોઈ જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને અપીલ તબકકે પક્ષકાર બનાવી શકાયા નથી તેથી તે વિશે પ્રસ્તુત તબકકે કોઈ હુકમ કરવાનો રહે નહીં. તેમ છતાં મુદ્દા નં.૪ ની માહિતિ આપવાની બાકી હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)<br>
ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન) ,/ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન.....જાણ તથા અમલ માટે

(૨) શ્રી અરૂણ એસ. પાઠક ,